નવા સચિવાલયમાં કેટલાક કર્મીઓને જ પ્રવેશ ન મળ્યો

@ગાંધીનગર

● સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે સાંજે ૪.૦૦ કલાકે રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાશે.

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આજે સેકટર-૧૨, વિવેકાનંદ વિદ્યાવિહાર ખાતે રાજયકક્ષાના મેગા સાયન્સ એકિઝબીશન કમ ઓપન હાઉસનો કાર્યક્રમ યોજાશે.

- નજાકતખાનમ સૈયદ

આજે ગાયત્રી મંદિરે 'વરેણ્યમ્' પર વકતવ્ય

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર આયોજન પ્રવચન શૃંખલાનો પ્રથમ મણકો ઈશ્વર વિષેની વિવિધ માન્યતાઓ અને સત્ય 'વરેણ્યમ્' વિષે વકતવ્ય અમેરિકા સ્થિત હોલીસ્ટીક હીલર શ્રી નટુભાઈ પટેલ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીના રોજ સાંજે સાડ પાંચ વાગે ગાયત્રી મંદિર, સેકટર-૧ ગાંધીનગરમાં આપશે. જીજ્ઞાસુઓને હાજર રહેવા જણાવવામાં આવેલ છે.

રૂદ્રાભિષેક મંડળ દ્વારા લઘુ રૂદ્રાભિષેકનું આયોજન

ગાંધીનગર, તા.૫

રૂદ્રાભિષેક મંડળ દ્વારા આગામી શિવરાત્રી નિમિત્તે તા. ૬ઠ્ઠી માર્ચના રોજ લઘુરૂદ્રાભિષેક સાંજે ૪.૦૦ કલાકે રાજેન્દ્ર ડી. મહેતાના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૦૭/૨, સેકટર-૩-સી ખાતે મહાપ્રસાદ સાથે યોજવામાં આવશે. આ રૂદ્રાભિષેકમાં મંડળના તમામ સભ્યોને હાજર રહેવા મહામંત્રી બી.ડી. શર્માએ અનુરોધ કર્યો છે.

સર્વોદય નગર હોળી ચકલા સે-૩૦ ખાતે યોજાયો આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૫

પાટનગર ગાંધીનગરના સે-૩૦ સર્વોદય નગર હોળી ચકલા ખાતે તાજેતરમાં ગોપી મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો.

સર્વોદય નગર મહિલા મંડળ આયોજીત આ આનંદના ગરબામાં સુપ્રસિધ્ધ ગાયિકા ભાવનાબેન ગોપલાણી દ્વારા જગત જનની મા જગદંબાના ગરબાની રસલ્હાણ પીરસવામાં આવીન હતી. જેનો લોકોએ બહુધા પ્રમાણમાં ભકિતભાવથી લાભ લીધો હતો.

સગીરે વર્ના કાર ઘરમાં ઘુસાડી દીધી

સે-૨-બીમાં ૧૫ વર્ષના બે કિશોરો વર્ના કાર લઈને નીકળતાં ત્રણ જગ્યાએ અથડાયા : એક મિત્ર દરવાજો ખુલી જતા સહી સલામત નીકળી ગયો

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૨ ખાતે મોડી સાંજે ધસમસતી વર્ના કાર ત્રણ સ્થળે અથડાઈને ઘરમાં પ્રવેશવાના મુખ્ય લોખંડના દરવાજા સાથે ભટકાઈને ઉભી રહી ગઈ હતી. આ કાર પંદર વર્ષીય છોકરો ચલાવતો હતો. કાર ચાલક ગાડીમાંથી બહાર નીકળી ન શકતા વસાહતીઓએ પકડીને પોલીસને હવાલે કરી દીધો હતો. સદ્નસીબે આ બનાવમાં કોઈપણ વ્યકિતને ઈજા પહોંચી નથી પરંતુ ગાડીના આગળના ભાગનો ખુડદો બોલી ગયો છે.

ગાંધીનગર શહેરમાં લબરમુછીયા યુવાનો કાર અને બાઈક ધુમ સ્પીડે હંકારતા નજરે પડે છે. આવા યુવાનોના માતા-પિતા પણ પોતાના બાળકોને વાહનો હંકારવા માટે આપીને જાણે ગર્વ અનુભવતા હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં વગર લાઈસન્સે વાહનો હંકારતા યુવાનોની સંખ્યા પણ વધુ પ્રમાણમાં છે. નવયુવાનોને પોલીસનો ડર જાણે રહ્યો નથી અને ધુમ સ્ટાઈલે ગાડીઓ હંકારીને નગરના અન્ય વાહનચાલકોને પણ નડતરરુપ બની રહ્યા છે. ત્યારે શહેરના સેકટર-૨ સી ખાતે આજે સાંજના સુમારે ગલીમાં આવી રહેલી વર્ના કારના ચાલકે અચાનક કાબુ ગુમાવતા કાર ઝાડ, કંમ્પાઉન્ડવોલ સાથે ટકરાઈને પ્લોટનં ૧૫૨૨-૨ મકાનના લોખંડના દરવાજા સાથે ટકરાઈને ઉભી રહી ગઈ હતી. સાંજના સુમારે ધડાકાભેર કાર ટકરાતા આસપાસના વસાહતીઓ પણ મોટી સંખ્યામાં ઘરની બહાર દોડી આવ્યા હતા. કારનો દરવાજો અકસ્માતને પગલે ખુલ્યો ના હોવાથી કાર ચાલક સગીરને વસાહતીઓએ પકડીને પોલીસને હવાલે કરી દીધો હતો. પ્રત્યક્ષ દર્શીઓના જણાવ્યા અનુસાર કારમાં અન્ય એક યુવક પણ આગળ બેઠેલો હતો પરંતુ અકસ્માત થતા ઉતરીને ભાગી ગયો હતો. આ સાંકળી શેરીમાં સાંજના સુમારે મોટી સંખ્યામાં બાળકો રમતા હોય છે. પરંતુ સદ્ભાગ્યે આ સમયે આજે કોઈ બાળક રમતુ ના હોવાથી મોટી જાનહાની ટળી છે. પોતાના વ્હાલસોયા બાળકોને ગાડી તેમજ બાઈક ચલાવવા આપીને હરખાતા માતા પિતા માટે આ કિસ્સો લાલબતી સમાન છે.

વાતવાતમાં

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય આયોજિત મેગા વિજ્ઞાન પ્રદર્શનમાં શહેરની શાળાઓના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ઉમટી પડયા હતા. કડી કેમ્પસની શાળા કોલેજોને સંસ્થાની સ્કુલ બસમાં પ્રદર્શનની મુલાકાત લેવાની વ્યવસ્થા કરાઈ હતી.

● જયારે જયારે નગરજનો ગરમ વસ્ત્રોને અભરાઈએ ચઢાવવાનો વિચાર કરે છે ત્યારે ત્યારે શિયાળો ફરી ઠંડીનો ચમકારો દેખાડી તેમ કરતા અટકાવે છે. ફરી એકવાર ફેલાયેલી શીતલહેરે નગરજનોને પ્રભાવિત કર્યા છે.

● ગાંધીનગરના રેન્જ આઈજી હસમુખ પટેલની બદલી થતા જ માત્ર બુટલેગરો ખુશ થયા છે એટલું જ નહી પરંતુ પોલીસ બેડામાં પણ છુપા આનંદની લહેર પ્રસરવા પામી છે. આઈજીની બદલીનો ઓર્ડરને ક્રોપ કરી વ્હોટસએપ મેસેજ દ્વારા ફરતો થઈ જવા પામ્યો છે.

● વનવિભાગ દ્વારા ઘ રોડ પરના દબાણો દૂર કરાયાને દિવસો વિતવા છતાં હજુ પણ આ માર્ગે કોઈ પણ લારી ગલ્લા જોવા મળતા નથી. આ જ પરિસ્થિતિ શહેરના તમામ માર્ગો પર પણ સર્જાય અને કાયમી બને તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

આર.સી. પટેલ શાળાની વિદ્યાર્થીનીનો નિબંધ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૫

સ્વામી વિવેકાનંદના જીવનવિચાર અને કાર્યનો પરિચય ભારતના પ્રત્યેક બાળક સુધી પહોંચે તેવા હેતુથી ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મજયંતીની ઉજવણી નિમિત્તેનિબંધ સ્પર્ધાનુંઆયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શ્રીમતી આર.સી. પટેલ હાઈસ્કુલની વિદ્યાર્થીની ભકિત પટેલે ધોરણ ૯ થી ૧૨ના વિભાગમાં ભાગ લઈ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યોહતો. આ સ્પર્ધામાંપ્રથમ ક્રમ મેળવી શાળા પરિવારનું ગૌરવ વધારતી વિદ્યાર્થીનીને ગઈ કાલે યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં પ્રમાણપત્ર અને ટ્રોફી આપીને નવાજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શાળાના શિક્ષક સંજય ત્રિવેદી અને પ્રવિણ પટેલે વિદ્યાર્થીનીને માર્ગદર્શન પુરું પાડયું હતું. સમગ્ર કાર્યક્રમમાં શિક્ષક બિનલબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

ચારણકા સોલાર પ્લાન્ટની મુલાકાતે બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા.૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની સેકટર-૨ ઉમાં આવેલી બીબીએ કોલેજના અભ્યાસના ભાગરૂપે તેમજ સાંપ્રત સમયમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ચાલતા વ્યવહારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે આજે કોલેજના ૧૦૭ વિદ્યાર્થીઓએ બનાસકાંઠાના ચારણકા સ્થિત 'ગુજરાત સોલર પાર્ક'ની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગિક ક્ષેત્રની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યો નો વિકાસ થાય તે હેતુથી ૧૦૭ વિદ્યાર્થીઓએ ચાર જુથોમાં વહેંચાઈ સોલાર પાર્ક વિષે માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓના ગ્રુપે એક પછી એક પ્લાન્ટની મુલાકાત લીધી હતી. સોલાર પાર્કમાં ટાવર પર તમામ વિદ્યાર્થીઓને લઈ જવામાં આવ્યા જયાંથી સમગ્ર પાર્કનો ઓવર વ્યુ જોવાનો લહાવો વિદ્યાર્થીઓને મળ્યો હતો. ત્યારબાદ ૧૦ મેગા વોટ વીજળીનું ઉત્પાદન કરતા પ્લાન્ટની વિઝિટ કરવામાં આવી. જયાં ઉર્જા ઉત્પાદનની સમગ્ર પ્રક્રિયા ઉંડાણ પૂર્વક સમજાવવામાં આવી હતી. સાંપ્રત સમયમાં સૌર ઉર્જા ક્ષેત્રે વ્યવસાયની ઉજળી તકો છે ત્યારે ભવિષ્યમાં એન્ટરપેનયોર બનવા માટે વિચારતા વિદ્યાર્થીઓ માટે આ માહિતી ખૂબ ઉપયોગી સાબિત થશે. ત્યારબાદ ઉર્જા સંગ્રહ તેમજ તેના વિતરણની પધ્ધતિ તથા પાણીના સંગ્રહ તેમજ પ્રોસેસિંગ કર્યા બાદ તેને ઉદ્યોગોને ઉપયોગ માટે આપવાની વ્યવસ્થા બાબતે સમજાવવામાં આવ્યું હતું. સમગ્ર મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ટેકનિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિઝિટના છેલ્લા તબક્કામાં બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પોતાના અનુભવ વ્યકત કરતા જણાવ્યું હતું કે કોલેજ દ્વારા આયોજીત આ વિઝિટથી વિદ્યાર્થીઓમાં કારકિર્દી વિકાસની નવીન દિશાઓ વિશેની સમજણ પ્રાપ્ત થઈ હતી અને વિદ્યાર્થીઓએ કંપની તેમજ સંચાલકોનો આભાર વ્યકત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે 'ગુજરાત સોલર પાર્ક' પ્લાન્ટ એશિયામાં તેમજ સમગ્ર વિશ્વમાં ખ્યાતિ ધરાવે છે ત્યારે આવા પ્લાન્ટની મુલાકાતનો મોકો વિદ્યાર્થીઓને મળ્યો તેથી વિદ્યાર્થીઓએ આનંદની લાગણી વ્યકત કરી હતી. જયારે સમગ્ર વિશ્વ ઉર્જા બાબતે ચિંતિત છે ત્યારે બિન પરંપરાગત ઉર્જાનો કઈ રીતે મહત્તમ ઉયોગ થાય તે માટે સમાજને જાગૃત કરવાની ફરજ પણ યુવાનોની છે જે બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું. આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. પ્રજ્ઞેશ નવલખા, પ્રદીપ પટેલ, પ્રો. મોનિશા ત્રિવેદી દ્વારા સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી હતી.

નવા સચિવાલયમાં કેટલાક કર્મીઓને જ પ્રવેશ ન મળ્યો

ત્રણ-ચાર વર્ષથી જે આઈ કાર્ડથી કરાર આધારીત કર્મીઓ એન્ટ્રી લેતા હતા તે આઈ-કાર્ડ માન્ય ન હોવાનું કહીને ગેટ નં-૬ પાસેથી સુરક્ષા કર્મીઓએ ૨૫ જેટલા કર્મચારીના કાર્ડ જમા લઈ લીધા : એ જ પ્રકારના કાર્ડધારક કર્મચારીઓ અન્ય ગેટ પરથી પ્રવેશ લઈ શકયા

ગાંધીનગર, તા.૫

સુરક્ષા અને સલામતીના કારણોસર આજે નવા સચિવલાય ખાતે ગેટ નં. ૬માં તમામ કર્મચારીઓ અને મુલાકાતીઓના આઈ કાર્ડ તપાસ્યા બાદ પ્રવેશ અપાઈ રહ્યા હતા. જે પૈકી કોન્ટ્રાકટર બેઝ પર નોકરી કરતા કેટલાક કર્મચારીઓને પણ પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. ૨૫ જેટલા કર્મચારીઓને તેમના આઈ કાર્ડ પર સલામતી શાખાનો સિક્કો ન હોવાનું કારણ દર્શાવી અમાન્ય કાર્ડ જમા કરી લીધા હતા. નવાઈની વાત તો એ છે કે આ જ કાર્ડથી તેઓ ત્રણ ચાર વર્ષથી એન્ટ્રી લેતા હતા અને તે ઉપરાંત આજે પણ આવા જ કાર્ડને આધારે અન્ય ગેટ પરથી બીજા કર્મચારીઓએ પ્રવેશ મેળવ્યા હતા તેમને કોઈએ રોકયા ન હતા...!

નવા સચિવાલય ખાતે આજે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવીને ચેકીંગ શરુ કરવામાં આવ્યું હતું. સુરક્ષા કર્મીએ ગેટ નં. ૬ પર કર્મચારીઓ તથા મુલાકાતીઓ ને આઈ કાર્ડ તપાસ્યા બાદ જ એન્ટ્રી આપવાનું શરૂ કર્યુંપરંતુ જે કરાર આધારીત ભરતી પામેલા કર્મચારીઓ રોજ એન્ટ્રી લે છે તેમના આઈ કાર્ડ માન્ય ન હોવાનું કહીને કાર્ડ જમા કરી લઈ પ્રવેશ જ અપાયો ન હોવાનું જાણવા મળ્યું છે. ૨૫ થી વધુ આવા કર્મચારીઓના આઈ કાર્ડ જમા કરી તેમને કહી દેવાયું કે સલામતી શાખાના સિક્કા આઈ કાર્ડ પર ન હોવાથી પ્રવેશ આપી શકાશે નહીં. તમારા આઈ કાર્ડ સલામતી શાખામાંથી લઈ લેવા...! કર્મચારીઓ ત્યાં પહોંચ્યા તો તેમને કહેવામાં આવ્યું કે તેમને પોતાના પોલીસ વેરીફીકેશન કરાવડાવવા પડશે ત્યાર બાદ નવા આઈ કાર્ડ ઈસ્યુ કરાશે. મતલબ કે એજન્સીઓના કર્મચારીઓ જાણે સુરક્ષાના કારણોસર જોખમી હોવાનો ખાતાને ભય છે. જો કે ગેટ નં. ૬ પર જ આટલું જબરદસ્ત ચેકીંગ હતું. અન્ય ગેટ પરથી આવા જ આઈકાર્ડ પર કર્મચારીઓએ પ્રવેશ લીધા જ હતા તે આશ્ચર્યની વાત છે...!

સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા.૫

સેકટર-૨ ઉમાં આવેલા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલયમાં અભ્યાસ કરતી રૂદ્રી જતીનભાઈ શુકલએ તાજેતરમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં સમગ્ર ગાંધીનગરમાંથી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. 'સ્વામીજીના સપનાનું ભારત' આ વિષય પર રૂદ્રીએ ખુબ જ જુસ્સા સાથે વકતવ્ય આપીને ગાંધીનગરની તમામ શાળાઓમાંથી પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. આ અગાઉ તેણીએ રાજય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા યોજાયેલી નિબંધ સ્પર્ધામાં 'સ્વચ્છ ભારત અંગેના મારાં વિચારો' આ વિષયમાં પ્રથમ તથા કવીઝ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.

સર્જનાત્મકતા + કલ્પનાશકિતના સંયોગથી નવી પેઢી રાહ ચીંધે છે

મેગા સાયન્સ ફેરમાં વિદ્યાર્થીઓના લાઈવ પ્રોજેકટસ અને ધ્યાનાકર્ષક પોસ્ટર્સ જોઈ મુલાકાતીઓ દંગ : મોબાઈલ પ્લેનેટોરિયમ દ્વારા આકાશદર્શનનો લ્હાવો : આજે પ્રદર્શનનો છેલ્લો દિવસ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સે-૧૨માં વિવેકાનંદ વિદ્યા વિહાર ખાતે યોજાયેલ મેગા સાયન્સ એકિઝબીશન અને ઓપન હાઉસમાં યુવા વૈજ્ઞાનિકો દ્વારા અવનવા સંશોધનોના મોડેલ્સ તથા પોસ્ટર્સ રજુ કરાયાં છે. આ પ્રોજેકટને જોતા યુવા પેઢી પોતાના સ્વપ્નનું રાષ્ટ્ર અને તેનું ભાવિ કેવું ઈચ્છી રહી છે તે સ્પષ્ટ જણાય છે. આ વિજ્ઞાન પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ સ્માર્ટ સીટી, હાઈડ્રો પાવર પ્રોજેકટ, જમીન પરનું ભારણ ઘટાડવા તરતા શહેરોનું નિર્માણ, સોલાર ઉર્જા, વેસ્ટ મેનેજમેન્ટ, બાયો-ગેસ, ફર્ટિલાઈઝર, આરોગ્ય, કૃષિ, વોટર મેનેજમેન્ટ, કોમ્યુનિકેશન, વૈકલ્પિક ઉર્જા અને ઈંધણ તથા ટેકનોલોજી અને મેથેમેટિકસ વગેરેને આવરી લેતા ઉત્કૃષ્ઠ લાઈવ મોડેલ્સ અને પોસ્ટર્સ રજૂ કર્યા છે. મોટા ભાગના મોડેલ્સ સમાજોપયોગી અને પર્યાવરણીય સાનુકૂળતાને ધ્યાનમાં રાખીને બનાવાયા છે. અનોખી સરળ પધ્ધતિઓ દર્શાવી બજારમાં મળતા 'સોફટ ડ્રિન્કસ' સ્વાસ્થ્ય માટે કેટલા નુકશાનકારક છે તે દર્શાવવા પ્રયત્ન કર્યો છે. ઠંડા પીણામાં આલ્કોહોલ, વધુ પડતા પ્રમાણમાં ગ્લુકોઝ વગેરેના હોવાની સાથે એસિડીક હોવાથી હાડકાં, પાચન તંત્ર અને ચેતાતંત્રને નુકશાન પહોંચાડવાની સાથે સાથે ચરબી, મોટાપો વધારે છે. આ ઠંડા પીણાથી ખાસ કરીને બાળકોને દૂર રાખવા આ વિદ્યાર્થીઓએ જાગૃત રહેવા અપીલ કરી છે અને સાથે પરંપરાગત સ્વાસ્થ્યવર્ધક પીણાનો ઉપયોગ વધારવા અનુરોધ કરી રહી છે.

● વાઈ-ફાઈ હવે જુનુ થયું, અપનાવો લાઈ-ફાઈ

ગાંધીનગરની વીપીએમપી પોલિટેકનિક કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોલોજી ક્ષેત્રે આવી રહેલા ગજબ પરિવર્તન અંગે આંખો ખોલતા અદભૂત પોસ્ટર્સ પ્રસ્તુત કર્યા છે. દેશમાં જયારે ડિઝીટલ ઈન્ડિયાની પહેલ અંતર્ગત બ્રોડ બેન્ડ અને વાઈફાઈ કનેકિટવિટીથી રાષ્ટ્રને સાંકળવાનો પ્રયત્ન હાથ ધરાયો છે અને હજુ ઉજી ઈન્ટરનેટ સામાન્ય જનતાને પોસાતું નથી ત્યાં ૪જી બારણા ખખડાવી રહ્યું છે. આ પરિસ્થિતિમાં તમને જો કોઈ એમ કહે કે આ બધી ટેકનોલોજી તો જુની થઈ હવે તેનું સ્થાન નવી ટેકનોલોજી જેનું નામ 'લાઈ-ફાઈ' છે તે લેશે તો જરૂરથી આંખો ચકિત થઈ જશે. વીપીએમપી કોલેજના કેયુર પટેલ, નિકેશ મિશ્રા, શિવાંગી પટેલ, વૃત્તિક પંડિત અને હેતલ વાઘેલા દ્વારા આવનારો યુગ 'લાઈ-ફાઈ' નો હશે જેમાં ઓછી કિંમતે, સીમલેસ ટેકનોલોજીથી વધુ સુરક્ષિત અને સૌથી વધુ ઝડપી નેટ કનેકિટવિટી ઉપલબ્ધ હશે તે દર્શાવતા પાંચ પોસ્ટર્સ રજુ કરાયા છે.

● તદ્દન નજીવી કિંમતે ઈકો ફ્રેન્ડલી ખાતર ઘરે બનાવો

તમારા ઘરના બગીચામાં ખરી પડેલા પાંદડા, સૂકાં ફૂલો, ઝાડની છાલ ઉપરાંત ઘરનો એંઠવાડ, ગાય-ભેંસનું છાણ, પ્રાણીઓના મળ જેવી અનેક નકામી ચીજવસ્તુઓના ઉપયોગથી તદ્દન નજીવી કિંમતે આપ સંપૂર્ણ કુદરતી ખાતર તૈયાર કરી શકો છો. આ ખાતરના ઉપયોગથી ઓર્ગેનિક ખેતી કરી શકાય છે તથા કેમિકલ વિહીન હોવાથી સ્વાસ્થ્યપ્રદ અનાજ, ફળો વગેરે પ્રાપ્ત કરી શકાય છે. એચવીએમપી કોલેજ કડીની વિદ્યાર્થીનીઓ દૃષ્ટિ ગોસ્વામી, ક્રિષ્ના પટેલ અને કાજુમી ખમાર દ્વારા સુંદર પ્રોજેકટ દ્વારા નકામા પદાર્થો સાથે એ સ્ફ રજે લીંગ નાઈઝર બેકટેરિયાની મદદથી માત્ર મીઠું અને ખાંડ વગેરેના ઉપયોગથી બિનનુકશાનકારક ખાતર તૈયાર કરી શકાય તે દર્શાવ્યુ છે. આ પ્રોજેકટના અમલીકરણથી કચરાના નિકાલની ગંભીર સમસ્યા પણ ઉકેલવામાં ઘણી મદદ મળી રહે તેમ છે.

ગાંધીનગરમાં જયોતિષનો નિઃશુલ્ક માર્ગદર્શન કેમ્પ આવતીકાલથી જયોતિષ તાલીમ વર્ગોનો આરંભ

ગાંધીનગર, તા.૫

ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા જયોતિષ શીખવવા માટેના વર્ગો ગાંધીનગરના સેકટર-૬ ખાતે આવેલી સરસ્વતી વિદ્યાલયમાં શરૂ કરવામાં આવનાર છે. ફાઉન્ડેશન દ્વારા તા. ૭મી ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ બપોરના ૩.૦૦ કલાકે તાલીમ વર્ગના પ્રવેશ અંગેની કાર્યવાહી અને ત્યારબાદ સાંજના ૫.૦૦ કલાકથી જયોતિષનું નિઃશુલ્ક માર્ગદર્શન આપવામાં આવશે. જેનો લાભ નગરજનો લઈ શકશે. સાથે વ્યકિતની જન્મની વિગતો લાવવાની રહેશે.

આ વર્ષમાં જયોતિષની પ્રાથમિક માહિતી, જન્મકુંડળી કઈ રીતે બનાવવી, જયોતિષ ગણિત કોષ્ટક, ગ્રહોના શુભાશુભ સ્થાન, પંચાગની માહિતી, મૂહૂર્તની માહિતી, મુહુર્તની ગાણિતીક સમજ, રાશીઓની સમજ, કુંડળીના ભાવો વિશેની માહિતી, વાસ્તુશાસ્ત્ર વગેરેને લગતી તાલીમ આપવામાં આવશે. તાલીમ જયોતિષ શાસ્ત્રના નિષ્ણાંતો શ્રી વિષ્ણુભાઈ વૈષ્ણવ (માનદ), દિપાલીબેન આર. જોષી અને અન્ય નિષ્ણાંતો દ્વારા શીખવવામાં આવે છે. જયોતિષ શીખવાના વર્ગો તથા નિઃશુલ્ક માર્ગદર્શન માટે મોબાઈલ નંબર ૯૮૨૪૬૪૭૪૩૫ પર સંપર્ક કરવાનો રહેશે.

પાલજ પાટીયા પાસે મોડી રાત્રે બે ટ્રક સામ સામે ટકરાઈ : અડધો કલાક ટ્રાફીક જામની સ્થિતિ

ગાંધીનગર, તા.૫

પ્રાંતિયાથી પાલજ તરફના માર્ગ પર પાલજ પાટીયા પાસે જય ભોલે હોટલ સામે ગઈ મોડી રાત્રે બે ટ્રકો સામ સામે ટકરાઈ હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી. બંને ટ્રકોને નુકશાન થવા પામ્યું છે. જો કે બંને પક્ષે સમાધાન થઈ જતા પોલીસ ફરિયાદ થવા પામી ન હતી. આ અકસ્માતને પગલે મોડી રાત્રે ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ હતી. ડભોડા પોલીસે ઘટના સ્થળે પહોંચી અડધા કલાકમાં ટ્રાફીક કલીયર કરાવી દીધો હતો.

ચિરવિદાય

● સ્વ. રમેશચંદ્ર મગનભાઈ પાઠક, ઉ.વ.૬૪
● સ્વ. મહેશભાઈ જુગાભાઈ પ્રજાપતિ, ઉ.વ.૩૮